सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ : ૩૨ માર્ચ -૨૦૧૩ અંક ૪

## શિક્ષણનું માધ્યમ અને માતૃભાષા

બાળકને કઈ ભાષામાં શિક્ષણ આપવું એ પ્રશ્નનો એક જ જવાબ હોઈ શકે - માતૃભાષામાં. બાળકની બધી જ શક્તિઓ પ્રાથમિક ગાળામાં જે તે સમજણ કેળવવામાં જ વાપરવામાં ડહાપણ છે. તેની ઉર્જાને આ મહત્વના ગાળામાં અન્ય ભાષામાં વેડફી નાખવાનો અપરાધ માબાપે કરવા જેવો નથી. આ અભિપ્રાય બધાં જ શિક્ષણશાસ્ત્રીઓનો આને કારણે જ રહ્યો છે અને સમજુ માબાપો પોતાના ઘરમાં અંગ્રેજીનો વપરાશ ઠીક ઠીક પ્રમાણમાં થતો હોવા છતાં પોતાના બાળકને ગુજરાતી માધ્યમમાં જ શિક્ષણ માટે મૂકે છે.

જેમની પાસે અધૂરી સમજ છે તે એવું સમજે છે કે અંગ્રેજી મહત્વની ભાષા હોઈ બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકવું. અંગ્રેજીનું મહત્ત્વ ખૂબ જ છે, તે હકીકતનો સ્વીકાર કરીને પણ પ્રાથમિક કક્ષાએ શિક્ષણ તો માતૃભાષામાં જ આપવું જોઈએ.

જાણીતા ચિંતક અને આદરણીય શિક્ષણવિદ ફાધર વાલેસે એક વખત વાતચીતમાં એવું કહ્યું હતું કે મારે ઈન્ટર સાયન્સમાં બે એવા વર્ગોમાં ગણિત ભણાવવાનું હતું કે જેમાં એક વર્ગમાં જે વિદ્યાર્થીઓએ અંગ્રેજી માધ્યમમાં જ માધ્યમિક શિક્ષણ લીધું હતું તેવા વિદ્યાર્થીઓ હતા અને બીજા વર્ગમાં જેમણે ગુજરાતીમાં માધ્યમિક શિક્ષણ લીધું હોય તેવા વિદ્યાર્થીઓ હતા. બંનેને ઈન્ટર સાયન્સમાં અંગ્રેજી માધ્યમવાળા ગણિતનું શિક્ષણ આપતાં મારો અનુભવ એવો રહ્યો કે જેમણે ગુજરાતી માધ્યમમાં શિક્ષણ લીધું હતું તેઓ વધારે સારી રીતે મારી વાત સમજી શકતા હતા.

બાળક સાહજિક રીતે અને ગોખણપટ્ટી સિવાય માતૃભાષામાં જ સારી રીતે સમજણ ગ્રાહય કરી શકે તે સ્વાભાવિક છે.

અંગ્રેજી માધ્યમની શાળાઓને કારણે માતૃભાષાને નુકશાન જરૂર પહોંચ્યું છે તેનો સ્વીકાર કરીને એ હકીકત પણ ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીનું ગુજરાતી ભાષાનું સ્તર પણ ઘણું નીચું ગયું છે. આજે પુસ્તકોનું વાંચન નહીવત્ બની ગયું છે. પત્રલેખન તો નાબુદ જ થઈ ગયું છે. જેમ એસ. એમ. એસ.ને લીધે અંગ્રેજી ભાષા કલુષિત બની ગઈ તેમ ગુજરાતીમાં પણ લેખન અને વાંચનના અભાવે વિદ્યાર્થીની કક્ષા નીચી ગઈ છે.

માત્ર અંગ્રેજી માધ્યમની શાળાઓને કારણે જ ગુજરાતી ભાષાનું સ્તર નીચું ગયું છે એવું માનવું યોગ્ય નથી. આગળ કહ્યું તેમ બીજી બાબતોને લીધે ગુજરાતી ભાષાનું સ્તર નીચે ગયું છે.

માતૃભાષાને સમૃધ્ધ કરવા વાંચન, નિબંધ લેખન સ્પર્ધા ને વકતૃત્વ સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓ આ માટે ઉપકારક બને તેમ છે. ગુજરાતી ભાષાની વાટ સંકોરીને તેને તેજસ્વી કરવાનો પડકાર ઝીલવો જ રહ્યો.

**દિનુભાઈ દવે**

ગણિત વિષયને રસમય બનાવવા માટે સૌથી ઉપયોગી પધ્ધતિ કોયડાઓ અને તેના ઉકેલ પાછળનો તર્ક જેવું બીજુ કોઈ સાધન નથી. જેમકે તમે તમારા મિત્રને કંહો કે ચાર આંકડાની છ રકમનો સરવાળો રકમો લખતા અગાઉ હું મૂકી દઉ છું. શરત એટલી કે તમે એક રકમ લખો પછી બીજી રકમ હું લખું . તે ત્રીજી લખે એ પ્રમાણે છ રકમો લખતા જવાની. તમારો મિત્ર ગમે તે આંકડા લખી શકે છતાં સરવાળો તો તમે કર્યો તે જ આવશે. જેમકે

| | |
|---|---|
| ૪૭૨૮ | ( તમારા મિત્રે લખેલી રકમ ) |
| ૫૨૭૧ | ( તમે લખેલી રકમ ) |
| ૭૧૩૨ | ( તમારા મિત્રે લખેલી રકમ ) |
| ૨૮૬૭ | ( તમે લખેલી રકમ ) |
| ૮૨૧૩ | ( તમારા મિત્રે લખેલી રકમ ) |
| ૧૭૮૬ | ( તમે લખેલી રકમ ) |
| ૨૯૯૯૭ | સરવાળો |

આની પાછળના તર્કનો વિચાર કરીએ.

તમારા મિત્રે જે રકમ લખી છે તેની નીચે તમે લખેલી રકમ જોશો તો ઉપર અને નીચેના અંકોનો સરવાળો ૯ બને તેવી રકમની રચના તમે કરી છે અને આવી ૯૯૯૯ની ત્રણ જોડી બને અને તેનો સરવાળો ૨૯૯૯૭ થાય !

(સરવાળા પણ પાકા થશે અને ગમ્મત આવશે.)

**તમે જાણો છો ?**

ભારતનું રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે, રાષ્ટ્રીય ફૂલ કમળ છે, રાષ્ટ્રીય પક્ષી મોર છે, પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન કોર્બેટ પાર્ક છે.

ગુજરાતનું રાજય પ્રાણી સિંહ છે, રાજય પક્ષી ફલેમિંગો છે. સાબર(એવું સૌથી મોટું હરણ છે) જે માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે. જંગલી ગધેડા ( ઘુડખર) માટેનું અભયારણ્ય માત્ર ગુજરાતમાં જ છે.

આપણામાં કેટલીક ખોટી માન્યતા વિશે જાણીએ.

ઘરમાં ફરતી ગરોળી એ સામાન્ય દ્રશ્ય હોય છે પરંતુ તે ઝેરી હોય છે એ માન્યતા ખોટી છે. ગરોળી ઝેરી નથી અને તે જીવાત ખાઈને પોતાનું પોષણ મેળવે છે. સાપ મોરલીના નાદથી ડોલે છે તે માન્યતા ભૂલભરેલી છે. સાપને કાન નથી હોતા ચામડીની સંવેદનશીલતાથી તે કંપનો અનુભવે છે.

**છેલ્લે કોયડો :**

એક માણસ પાસે દસ ગ્રામ વજનની ટેબ્લેટ પાડવાના દસ મશીન છે. એક મશીનમાં ખરાબી થતાં તેમાંથી બહાર પડતી ટેબ્લેટનું વજન નવ ગ્રામ હોય છે. એક જ વખત વજન કરીને શોધી કાઢો કે કયા મશીનમાં ખરાબી છે ?

**ગયા વખતના કોયડાનો જવાબ :**

કોઈ પણ ત્રણ આંકડાની બાજુમાં તેના તે ત્રણ આંકડા લખવાથી બનતી સંખ્યા તે સંખ્યાને ૧૦૦૧ વડે ગુણવાથી બનતી સંખ્યા આવે. જેમકે ૩૨૯ × ૧૦૦૧ = ૩૨૯૩૨૯ ૧૦૦૧ના અવયવો ૧૩,૧૧ અને ૭ છે એટલે આ છ આંકડાની સંખ્યાને ૧૩,૧૧,૭ વડે ભાગવાથી મૂળ સંખ્યા આવી જાય.

## પરીક્ષાનો નવો અભિગમ

'મમ્મા ! ઓ મમ્મા ! જો તો ખરી... વાર્ષિક પરીક્ષાનો પ્રોગ્રામ આવી ગયો. મમ્મી ! આ વખતે તો પ્રોગ્રામ એવો સરસ ગોઠવ્યો છે કે ટેન્શન થાય જ નહિ, વચ્ચે રજા ય આવે છે. રોજનું એક જ પેપર અને વળી એક સહેલો વિષય અને બીજો અઘરો વિષય. એટલે બહુ વહેલી તૈયારી ન કરું ત્હોંય કશો વાંધો ન આવે..'

' એ કશું ચાલે નહીં બેટા ! આ તો વાર્ષિક પરીક્ષા છે. એમ નિશ્ચિંત થઈ જઈએ તે ઓછું જ ચાલશે ? તને ખબર છે ને ! પહેલી પરીક્ષામાં માર્ક્સ્‌માં કેવા ગોટાળા થયાં હતાં ? પરીક્ષાનાં પેપર આપીને તું આવ્યો ને પેપર સોલ્વ કર્યું ત્યારે જેટલા માર્ક્સ્ ધાર્યા હતાં તેનાથી પેપરમાં ઓછાં આવ્યા કે નહીં ? અને એનાથી વધુ ઓછાં તો પ્રગતિપત્રકમાં લખાઈને આવ્યાં, કયાં કશી સમજ પડતી હતી ? અત્યાર સુધી કયારેય આવું થયું છે ખરું ? તારે હંમેશા વર્ગમાં સૌથી વધુ માર્ક્સ્ જ આવતાં હતાં ને ! કોણ જાણે હવે શું થયું છે તે જ સમજ નથી પડતી, એટલે હવે આજથી ટી.વી. જોવાનું બંધ, નીચે રમવા જવાનું બંધ, બરાબર મહેનત શરૂ કરી દો, આ વખતે તો તું વર્ગમાં પહેલો આવવો જોઈએ સમજયો ને !'

અને ધૈર્યને જે હાંશ હતી, આનંદ આનંદ હતો તે બધા પર પાણી ફરી વળ્યું. મમ્મીનાં પહેલા નંબર માટેની આ માંગ, ધૈર્ય માટે મોટા ટેન્શનનું કારણ હતી. પહેલી પરીક્ષામાં માર્ક્સ્ કેવી રીતે કયાં કપાયા તે તાળો જ મળતો નહોતો ત્યારે મમ્મી કેવી અકળાઈ હતી ! અને એના ટેન્શનની અસર ધૈર્ય પર એવી તો થઈ હતી કે ધૈર્ય વારંવાર હતાશ થઈ જતો હતો, આત્મવિશ્વાસ ગુમાવી બેસતો હતો, નર્વસ થઈ જતો હતો ,કયારેક ઉલ્ટીઓ થાય, કયારેક ડાયરીયા થાય તો કયારેક માથાનો દુઃખાવો, હંમેશા ખિલખિલાટ હસતો રમતો ને પ્રસન્ન રહેતો ધૈર્ય નિસ્તેજ બની ગયો હતો, ભણવામાંથી તેને રસ ઉડી ગયો હતો એટલું જ નહીં પણ સ્કૂલમાં ય એનું વર્તન વિચિત્ર બનતું જતું હતું, સહેજ વાતમાં ગુસ્સે થઈ જતો, મારામારી કરી બેસતો, અને એટલે થયું એવું કે હવે નવી માર્કીંગ સ્કીમમાં નક્કી થયાં મુજબ સર્વગ્રાહી મૂલ્યાંકનના જે માર્ક્સ્ મૂકવાનાં હોય એમાં ધૈર્યનાં માર્ક્સ્‌માં ગાબડું પડવા માંડયું, પરીક્ષામાં વધુ માર્ક્સ્, પરીક્ષામાં ટોપર, આ બધાનાં માબાપનાં આગ્રહનો માનસિક સ્ટ્રેસ છોકરાંઓને માથે એવો તો વધી જાય છે કે એ છોકરાંઓ સ્કૂલમાં આવીને એમની અકળામણનો સ્ટીમ વાલ્વ ખુલ્લો મૂકી દે છે ને આતંક મચાવી દે છે, બાળક બહુ અકળાય તો બીજું કરે પણ શું ? કેટલોક સ્ટ્રેસ સહન કરી શકે ! અને એટલે સતત ગોખ ગોખ કરીને પરીક્ષામાં મેળવેલા માર્ક્સ્‌માં આ સ્ટ્રેસને કારણે થયેલાં વર્તનની સમસ્યાઓથી મોટું ગાબડું પડી જાય છે, અને એટલે જ હું હંમેશા કહેતી આવી છું કે પરીક્ષાના માર્ક્સ્ એ જ માત્ર તમારા સંતાનને મૂલવવાની પારાશીશી નથી. આપણે માત્ર માહિતીના ઢગલા એમનાં મગજમાં ખડકી દઈને રોબોટ નથી સર્જવાના આપણે તો જીવંત માનવ બનાવવાનાં છે અને એટલે માત્ર ભણતર જ નહીં ઘડતર પણ મહત્ત્વનું બની ગયું છે.

ગમે તેટલી ઊંચી ડીગ્રી પ્રાપ્ત કરી હશે પણ તમારી વાણી વર્તન વિવેક, વ્યક્તિત્ત્વનો સર્વાંગી વિકાસ નહીં થયો હોય તો તમે કયાંય ગૌરવ કે માન પ્રાપ્ત નહી કરી શકો અને એટલે જ હવે નવો અભિગમ શિક્ષણક્ષેત્રે પણ અપનાવ્યો છે કે માત્ર પરીક્ષામાં લખેલા પેપરમાં મેળવેલાં માર્ક્સ્‌થી જ એનું મૂલ્યાંકન કરવામાં નહીં આવે પણ તેની સાથે તેણે આખું વર્ષ કેટલી લલિતકલાઓમાં રસપૂર્વક પ્રવૃત્તિઓ કરી અને સિદ્ધિ પ્રાપ્ત કરી, જેવી કે ચિત્ર, સંગીત, નૃત્ય વિ., ઉપરાંત વડિલો પ્રત્યે આદર, ગુરુ પ્રત્યે આદર, સાથીદારો સાથે વર્તન, પશુપંખીઓ પ્રત્યે અનુકંપા, શિસ્ત, નિયમિતતા, સ્વચ્છતા, આ બધાનું જ રોજેરોજ વર્ષની શરૂઆતથી શિક્ષકોએ નિરીક્ષણ કર્યું છે, તેમને નજદીકથી જોયાં છે અને એનાં એ વર્ષને અંતે માર્ક્સ્ મૂકશે. એ માર્ક્સ્ એમનાં વાર્ષિક પેપરમાં લખેલા માર્ક્સ્‌ની સાથે મૂલ્યાંકનમાં ગણત્રીમાં લેવાશે એટલે હવે આપણા વાલીઓને મારી ખાસ એ જ વિનંતી કે માત્ર 'ચોપડીનું જ્ઞાન એ જ જ્ઞાન છે' એ વસ્તુ હવે ભૂલી જવી પડશે, 'શિક્ષણ એટલે મગજમાં ખડકાઈ જતો માહિતીનો ભંડાર અને પરીક્ષા એટલે એ મગજમાં ખડકાઈ ગયેલી માહિતીમાંથી લખી કાઢેલા જવાબો' એ હવે ભૂલી જવું પડશે. હવે તો 'શિક્ષણ એટલે ભણતર સાથે ઘડતર, વ્યક્તિત્ત્વનો સર્વાંગી વિકાસ' એ પણ શિક્ષણનું એટલું જ અગત્યનું પરિબળ છે એટલે બાળક પરીક્ષા આપીને બહાર આવે અને પેપર સોલ્વ કરી એને કેટલા ટકા માર્કસ આવશે એ કશું જ હવે અંદાજી શકાશે નહીં, બાળક તો બહુમુખી પ્રતિભા ધરાવતું હોય છે, ઘરમાં શાંત રહેલું બાળક સ્કૂલમાં ધમાલ કરતું ન હોય ! તો સર્વગ્રાહી મૂલ્યાંકનમાં માર્કસનો માર પડે જ ને ! એટલે હવે આપણે રીઝલ્ટનો અંદાજ બાંધવાની આપણી આટલા વર્ષોની ટેવને ભૂલી જવી પડશે, એને બદલે આપણાં સંતાનનાં વ્યક્તિત્ત્વનો સર્વાંગી વિકાસ થાય તે માટે આજથી જ જાગૃતિ સેવી માત્ર ભણતર નહીં પણ ઘડતર માટે પણ આકાશપાતાળ એક કરવા જ પડશે અને મારું બાળક 'ટોપર જ થવું જોઈએ' એવું મનમાંથી કાઢવું જ પડશે, નહીં તો આપણું બાળક માનસિક સમસ્યાઓનું ભોગ બનશે. પરીક્ષાનાં માર્ક્સ્ એ જ માત્ર સંતાનનાં મૂલ્યાંકન માટેની પારાશીશી નથી. પરીક્ષાનો ફોબીયા અને રીઝલ્ટનું ટેન્શન બંનેમાંથી બાળકને મુક્ત કરવાનો સમય આવી પહોંચ્યો છે. હવે આપણા વાલીઓ માટે ખરું શિક્ષણ શરૂ થયું છે. આપણો ઉછેર અને આપણે આપણા સંતાનમાં કરેલું સંસ્કારનું સિંચન જવાબ આપશે, એ જ દીપી ઉઠશે.

ઊર્મિલા શાહ

## વિદ્યાર્થી ગૌરવ દિન

તા.૧૬-૨-૧૩ને શનીવારના રોજ સવારે સાડા નવ વાગે શારદામંદિર વિનયમંદિરનાં પટાંગણનાં રંગમંચ પર વિદ્યાર્થી ગૌરવ દિન ઉજવાઈ ગયો. શારદામંદિરમાં વર્ષોથી વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે અને એટલે દર વર્ષે તેમાં બાલપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. બાળકોનાં જ બનેલા રથ પર બાલરથીની સવારી આવે, તેનું મુખ્ય અતિથિ કુંકુંમ અક્ષતથી વિધિવત્ પૂજન કરી, મોં મીઠું કરાવે. ૨૦૧૧થી આમાં એક મોરનું પીંછું ઉમેરી અમે ભૂતપૂર્વ વિદ્યાર્થીનાં બહુમાનનો કાર્યક્રમ પણ શરૂ કર્યો.

આ વર્ષે સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે 'આરપાર' સામયિકના તંત્રી અને શાળાના ભૂતપૂર્વ વાલી **શ્રી મનોજભાઈ ભિમાણી** પધાર્યા હતા. શાળાના ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ **શ્રી પ્રકાશભાઈ ભગવતી** જેઓ ઔદ્યોગિક ક્ષેત્રે અને સામાજિક સેવાના ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવે છે તેમનું અભિવાદન કર્યું. એવાં જ **શ્રી રાજીવભાઈ વસ્તુપાળ,** શાળામાં જ ભણતાં રાજીવભાઈએ પણ કારકિર્દીના ક્ષેત્રે તો સિધ્ધિના અનેક શિખરો સર કર્યા છે પણ સમાજનાં ઉત્થાન માટે પણ સદાય જાગૃત રહી તત્પર ભાવે તન, મન અને ધનથી સેવા આપતાં જ રહ્યા છે અને ત્રીજા **ભાઈશ્રી ચંદનભાઈ ઠાકોર** લલિત કલાનાં ક્ષેત્રે નૃત્યભારતી સંસ્થાનાં સૂત્રધાર શ્રી ચંદનભાઈ માત્ર અમદાવાદનાં જ નહીં, ગુજરાતનાં જ નહીં પણ દુનિયાભરમાં નૃત્યના ક્ષેત્રે નામના મેળવી છે અને સિધ્ધિ પ્રાપ્ત કરી છે, શારદામંદિર આ સૌ માટે ગૌરવની લાગણી અનુભવે છે અને એટલે જ આ પવિત્ર દિવસે આ ત્રણેય મહાનુભાવોનું ભાવપૂર્વક બહુમાન **મુખ્ય મહેમાન** અને **મુ.શ્રી દિનુભાઈ**ના હસ્તે કરવામાં આવ્યું.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી, 'શારદા વિદ્યાદાયિની' મા સરસ્વતીની ભાવવાહી સ્તુતિથી થયો. ત્યારબાદ **મુ.શ્રી દિનુભાઈએ** સૌ મહેમાનોનું સ્વાગત કર્યું. અને ત્યાં તો બાલરથીને લઈને બાલરથ આવી પહોંચ્યા. 'આવે પેલો બાલરથી'ના મધુર સ્વર અને તાલ સાથે આવેલ એ બાલરથીઓનું વિધિવત્ પૂજન મુખ્ય અતિથિ માનનીય શ્રી **મનોજભાઈ ભિમાણીના** હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ માનનીય **શ્રી પ્રકાશભાઈ**, માનનીય **શ્રી રાજીવભાઈ**, માનનીય **શ્રી ચંદનભાઈનું** અભિવાદન સૂતરની આંટી પહેરાવી, પુસ્તક અને શારદામંદિરની રેપ્લીકા અર્પણ કરીને કર્યું. ત્રણેય મહાનુભાવોએ એમના પ્રતિભાવો આપતાં એમના હૃદયની લાગણીઓને, શાળા સાથેની મીઠી સ્મૃતિઓને હળવાશથી વહેવા દીધી, મુખ્ય અતિથિ **શ્રી મનોજભાઈ ભિમાણીનું** વક્તવ્ય પણ એવું જ ભાવવાહી, માહિતીપ્રધાન અને રસસભર રહ્યું.

આ વખતે આ કાર્યક્રમમાં થોડો ઉમેરો કરી વિદ્યાર્થીઓની ટેલેન્ટ પણ અભિવ્યક્ત કરવાની તક અમે ઝડપી, એના ઉપક્રમે ભાઈ **દર્શન કાટવાએ** 'સાધના વીના સિધ્ધિ નહીં' વિષય પર નાનકડું પણ સરસ વકતવ્ય રજૂ કર્યું. આપણી સંસ્થામાં કેટલાક વિદ્યાર્થીઓએ તબલાવાદનમાં ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમનું સ્થાન મેળવેલું છે. **શ્રી મુંજાલભાઈ મહેતાના** માર્ગદર્શન નીચે તૈયાર થયેલા **હાર્દિક ભટ્ટ, રુદ્ર માંકડ, કુશ ભટ્ટ, પ્રેરક પટેલ, સિદ્ધાંત શાહ, જય ભટ્ટ, ધ્યેય ત્રિવેદી અને રાહિલ સોનીએ** નાનકડો તબલાવાદનનો કાર્યક્રમ રજૂ કર્યો. ભાઈશ્રી **નીનાદ બુચે** સુગમ સંગીતનું ગીત ખૂબ સરસ રીતે રજૂ કર્યું અને પછી બેન **અનીષા પંચાલે** તૈયાર કરાવેલ ગરબો 'કૂંચી આપો બાઈજી' વિનોદ જોષી લેખિત આ ગરબો જેનું સ્વર નિયોજન આપણા ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને સંગીતકાર **શ્રી અમર ભટ્ટે** કરેલ છે તે રજૂ થયો, જેમાં નવોઢાનાં હૃદયનાં ભાવો ખૂબ સુંદર રીતે અભિવ્યક્ત થયાં. આ પછી હાઈસ્કૂલના **આચાર્ય શ્રી વિજયભાઈ રાવલે** આભારવિધિ કરી. આખાય કાર્યક્રમને સફળ બનાવવામાં ને તેમાં પ્રાણ પૂરવામાં હાઈસ્કૂલનાં ભૂતપૂર્વ શિક્ષિકા **શ્રીમતિ સુધાબેન ભટ્ટનો** સિંહફાળો રહ્યો. કાર્યક્રમમાં તેમનું સંકલન અદ્ભૂત રહ્યું. છેલ્લે રાષ્ટ્રગીત પછી કાર્યક્રમનું સમાપન કર્યું.

## મેળો

તા.૨૦-૨-૨૦૧૩ને બુધવારે શારદામંદિર વિનયમંદિરના પટાંગણનાં રંગમંચ ઉપર એક યાદગાર કાર્યક્રમ, નૃત્યનાટિકા 'મેળો' યોજાઈ ગઈ. આજનાં આધુનિક જીવનમાં મનોરંજનનું આખું માળખું અને માહોલ બદલાઈ ગયો છે ત્યારે રજૂ થયેલ આ નૃત્યનાટિકાએ પ્રેક્ષકો સમક્ષ કેટલીક ક્ષણો માટે ગ્રામ્યજીવનનાં નિર્દોષ અને મન મૂકીને મહાલતાં માનવીઓનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો, માણસ માત્રને આનંદ માણવો ગમે છે, અને ત્યારે આવો મેળો એના મનને હળવું ફૂલ કરી દે છે. મેળે મહાલતાં મહાલતાં એ જીવનની બધી જ વિષમતાઓને વિસારે પાડી દે છે કારણ ત્યાં ચગડોળ પણ હોય, છૂંદણાવાળી પણ હોય, મદારી પણ હોય, સ્વજનો અને સ્નેહીજનોનો સંગ હોય.. અને 'હું તો ગઈ 'તી મેળે..' એના હૃદયમાંથી શબ્દો અને સ્વરો સરી પડે, આબેહૂબ મેળાનું જ વાતાવરણ અને માહોલ શ્રી પ્રિતીબેને રજૂ કરી દીધું.અંદાજે ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓને લભગભ બે મહીના સુધી ભારે જહેમતથી તેમણે સુંદર રીતે તૈયાર કર્યા અને જ્યારે તેમણે રંગમંચ પર રજૂઆત કરી ત્યારે તો પ્રેક્ષકો પણ એમની સાથે સૂર અને તાલ સાથે ઝૂમી ઉઠયાં. ત્રીજી વખત રજૂ થતી આ નૃત્યનાટિકા જાણે હજી આજે જ પ્રથમવાર રજૂ થતી હોય તેવી જ સરસ રીતે રજૂ થઈ.

૨૩-૨-૯૪નાં રોજ સૌ પ્રથમવાર ઠાકોરભાઈ દેસાઈ હોલમાં મેળો ભજવ્યું ત્યારે પ્રિતીબેને જ ૨૩૨ વિદ્યાર્થી ભાઈબહેનોને તૈયાર કર્યાં હતાં એમની કોરીયોગ્રાફી અદ્ભૂત, મેળાનાં ગીતોનું સંગીત નિદર્શન **શ્રી પ્રતિમાબેન ત્રિવેદીએ** કર્યું હતું અને એ ખૂબ જ કર્ણપ્રિય હતું. મેળાના ગીતોમાં મુખ્ય સ્વર સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની **આનતિ શાહે** આપ્યો હતો અને એનું લાઈવ રેકોર્ડિંગ કરેલું જેની ઓડિયો કેસેટ સૌ વાલીઓ ખૂબ માણતાં હતાં અને એટલે ફરી ૨-૧-૨૦૦૦ને રવિવારે રાત્રે ફરી એ કાર્યક્રમ શિશુમંદિરનાં ૨૦૦ બાળકો પાસે તૈયાર કરાવી વિનયમંદિરનાં પટાંગણમાં આવેલાં રંગમંચ પર રજૂ કર્યો. એ પણ ખૂબ યાદગાર રહી ગયો. ફરી તેર વર્ષના ગાળા પછી પણ એ જ મેળો જ્યારે ફરી રજૂ થયો ત્યારે કેટકેટલા વિદ્યાર્થીઓએ તેમણે ભજવેલી ભૂમિકાની મીઠી સ્મૃતિઓ ભાવવિભોર થઈને વાગોળી.

આખોય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની રહ્યો અને એને માટે **શ્રી પ્રીતીબેન** યશના અધિકારી છે, તેમને ધન્યવાદ.

## માતૃભાષા ગૌરવદિન

**તા.૨૧-૨-૧૩ એટલે સમગ્ર દુનિયામાં ઉજવાતો 'માતૃભાષા ગૌરવ દિન' આ દિવસે માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે બપોરે ૪ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદનાં રા.વિ.પાઠક હોલમાં કાર્યક્રમ યોજાયો. આ પહેલાં ત્રણ વાગે વિવિધ શાળાનાં વિદ્યાર્થીઓ ગુજરાત વિદ્યાપીઠ પર એકત્ર થઈ રેલી સ્વરૂપે સાહિત્ય પરિષદ પર આવી પહોંચ્યા. શરૂઆતમાં પરિષદનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ પટેલે 'માતૃભાષા અભિયાન' ની પ્રવૃત્તિઓ અંગેનું નિદર્શન સાથે વકતવ્ય રજૂ કર્યું. ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠનાં કુલપતિ શ્રી સુદર્શનભાઈ આયંગર, મા.શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી રવિન્દ્રભાઈ દવે, શ્રી નારાયણભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનો કર્યા. શારદામંદિરના સહયોગથી નવસર્જન એકેડમીના શ્રી ચંદ્રકાંતભાઈ ઠક્કરે (મેહ) બાળકો પાસે તૈયાર કરાવેલ નાટિકા 'ગુજરાતી મોરી મોરી રે' રજૂ કરવામાં આવી. ગુજરાત વિદ્યાપીઠના શ્રી છાયાબેન ત્રિવેદી લિખિત આ નાટિકા ખૂબ સરસ અને ધન્યવાદને પાત્ર રહી અને તેમાંય કવિ દલપતરામનું પાત્ર તો વિશેષ યાદગાર રહ્યું.**

## સ્વ.શ્રી રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

સ્વ. શ્રી રમણભાઈ દવેએ સંસ્થાને આપેલ આજીવન સેવા અને સંગીત સાધનાને અનુલક્ષીને શારદામંદિર દર વર્ષે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન કરે છે. જેમાં બે વિભાગ રાખવામાં આવે છે.

નાના વિભાગમાં ધોરણ ૫, ૬, ૭, ૮ ના વિદ્યાર્થી ભાઈબહેનો અને મોટા વિભાગમાં ધોરણ ૯, ૧૦, ૧૧, ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લે છે. બધી જ સંસ્થામાંથી બંને વિભાગમાં પ્રથમ વિજેતાને રૂ.૨૫૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૫૦/- અને તૃતીય વિજેતાને રૂ.૧૦૦/- નું ઈનામ આપવામાં આવે છે. તા.૨૭ ફેબ્રુઆરીને બુધવારનાં રોજ સવારે ૧૦-૩૦ વાગે મોટા પ્રાર્થનામંદિરમાં આ સ્પર્ધા યોજાઈ જેમાં નાના વિભાગમાં પાંચ સ્પર્ધકોએ અને મોટા વિભાગમાં છ સ્પર્ધકોએ ભાગ લીધો. લગભગ બધાં જ સ્પર્ધકની રજૂઆત ખૂબ સરસ અને ધન્યવાદને પાત્ર રહી. એમાંય મોટા વિભાગનાં સ્પર્ધકોનાં નિર્ણય માટે તો નિર્ણાયકોનું કામ ખૂબ મુશ્કેલ બની જાય તેવું એમનું સ્તર રહ્યું.

નિર્ણાયક તરીકે બૃહદ ગુજરાત સંગીત સમિતિના મહામંત્રી અને શાસ્ત્રીય સંગીતમાં **પી.એચ.ડી. ડૉ. શ્રી નીનાબેન ઠાકોર**, ભવન્સ ગ્રુપનાં અને શાળાનાં ભૂતપૂર્વ વાલી તથા વિદ્યાર્થી **શ્રી મારુતિભાઈ ત્રિવેદી** અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની **શ્રી પિકોલાબેન** જેઓ સંગીત વિશારદ છે અને સુગમ સંગીતના ઘણા કાર્યક્રમો આપે છે તેમણે નિર્ણાયક તરીકે સેવા આપી. તે માટે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે. આ પ્રસંગે

સ્વ.રમણભાઈ ટ્રસ્ટનાં ટ્રસ્ટી **શ્રી યશપાલભાઈ ઝાલા** પણ ઉપસ્થિત રહ્યા હતાં.

**સ્પર્ધાનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું હતું.**

નાનો વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | નૂપુર મહેતા | શારદામંદિર શિશુમંદિર |
| દ્વિતીય | તેજેન ઠક્કર | સી.એન.કિશોર વિદ્યાલય |
| તૃતીય | ધ્રુવી ખંભોળિયા | વિદ્યાનગર સ્કૂલ |

મોટો વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | વનરાજ શાસ્ત્રી | જીવન સાધના સ્કૂલ |
| દ્વિતીય | મિલી ભાનાની | વંદના સ્કૂલ |
| તૃતીય | ઋજુ જોષી | સી.એન.હાઈસ્કૂલ |

## બાલમંદિરમાં વિજ્ઞાનમેળો !

બાલમંદિરમાં વિજ્ઞાનમેળો ! આશ્ચર્યકારક લાગતી આ ઘટના, પણ છતાં એ એક યાદગાર વાસ્તવિક હકીકત બની રહી. તા.૨૮-૨-૧૩ના રોજ બાલમંદિરના ચાર પાંચ વર્ષના બાળકોએ વિજ્ઞાનનાં પ્રયોગોનું નિદર્શન કર્યું. અને ગૌરવભેર આખો પ્રયોગ તેઓ વર્ણવતાં હતાં તે સાંભળીને અને જોઈને તો એમ જ લાગ્યું કે આમાંથી જરૂર કોઈને કોઈ ભવિષ્યમાં સારા વૈજ્ઞાનિક બનશે.બાળકનાં વિકાસના બીજ અહીં રોપાય છે અને પછી જો તેને માવજત મળે તો એ ખૂબ આગળ વધી શકે છે. જુદા જુદા સિધ્ધાંતો પર આધારિત આ પ્રયોગો જેમકે સમતોલન, ચુંબક, પ્રતિબિંબ, પાણીમાં તરંગો, હવાનું દબાણ, વનસ્પતિનું બીજમાંથી અંકુરમાં રૂપાંતર, સાબુના પરપોટા, બાળકોની કેટકેટલી રમતોની પાછળ આ વિજ્ઞાનનાં મૂળભૂત સિધાંતો છૂપાયેલા હોય છે.એ બાળકોને શિખવાની અને માણવાની ખૂબ મજા આવે છે એટલું જ નહીં પણ એ તેમનાં મગજમાં એવું તો ઠસી જાય છે કે જીવનભર તે ભૂલતાં નથી.. 'ભાર વિનાનું ભણતર', 'રમતાં રમતાં વિજ્ઞાન કેમ શીખાય' એનો આ અભૂતપૂર્વ પ્રયોગ બાળકો માટે ખાસ અપનાવવા જેવો છે. વિદ્યાર્થીઓનાં શિક્ષણ માટેની આ સાચી અને અસરકારક પધ્ધતિ છે.

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજનું મહત્ત્વ સમજાવી,બાળકોએ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ, કૂચ કરી અને શૌર્ય ગીત ગાયા. રાષ્ટ્રધ્વજ બનાવી બાળકોને આપ્યા.વસંતપંચમી નિમિત્તે બાળકોને કુમકુમ તિલક કરી, સરસ્વતી પૂજન કરાવ્યું. વસંતઋતુના ગીતો ગાયા.શિવરાત્રી પર્વ નિમિત્તે "સાચા બોલા હરણાં"ની વાર્તા કહી, નાટક રજૂ કર્યું.

## બાલમંદિર

તા.૨૫-૧-૧૩, ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી. આપણા દેશના નેતાઓની સાચી ઓળખ આપી. કૂચ કરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી.૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણદિન નિમિત્તે ધૂન ગાઈ બે મિનિટ મૌન પાળી ગાંધીબાપુને શ્રધ્ધાંજલિ અર્પી.વસંતપંચમી નિમિત્તે સરસ્વતીદેવીનું પૂજન કરી બાલપૂજન કરી, વસંતના ગીતો ગાઈ વસંતને વધાવી લીધી.તા.૨૧-૨-૧૩ માતૃભાષાદિન નિમિત્તે આપણી માતૃભાષા ગુજરાતી છે, એને સંપૂર્ણ રીતે સમજી, લખતા વાંચતા શીખીએ એવી સમજ આપી. વાંચન, લેખન તથા શબ્દોની રમત રમાડી. શિવરાત્રી નિમિત્તે 'સાચાં બોલાં હરણાં 'નાટક ભજવવામાં આવ્યું. શિકારીએ અજાણતા શિવની ભક્તિ કરી અને હૃદય પરિવર્તન થઈ ગયું એ ધાર્મિક પ્રસંગ સમજાવી,બાળકોને આ પર્વનું મહત્ત્વ સમજાવ્યું.

## શિશુમંદિર

તા.૫-૩-૧૩ના રોજ રમતોત્સવ યોજાઈ ગયો. સાંઘિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**નિબંધ સ્પર્ધા :** તા. ૧૨-૧-૧૩

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ | સૌરીન ઠક્કર | રત્નદીપ |
| | દ્વિતીય | હેત્વી દેસાઈ | રત્નદીપ |
| | | શર્વ કોઠારી | ધવલગિરિ |
| | તૃતીય | ધૈર્યા ઠક્કર | મેઘનાદ |
| | | ઈશિતા અંટાલા | ગંગોત્રી |
| | | નિસર્ગ ચોક્સી | ગંગોત્રી |
| હિન્દી | પ્રથમ | પાર્થ રાવલ | રત્નદીપ |
| | દ્વિતીય | જલજ મહેતા | રત્નદીપ |
| | તૃતીય | પરિતોષ યાજ્ઞિક | મેઘનાદ |
| | | હિમાદ્રી બ્રહ્મભટ્ટ | ગંગોત્રી |
| અંગ્રેજી | પ્રથમ | પ્રેય પટેલ | ગંગોત્રી |
| | દ્વિતીય | જૈની શાહ | ધવલગિરિ |
| | | મોક્ષા પારેખ | ગંગોત્રી |
| | તૃતીય | દ્રષ્ટિ પંચોલી | મેઘનાદ |
| | | ક્રિશા શાહ | ગંગોત્રી |

## Shardamandir Modern School

તા.૨૧-૧-૧૩ના રોજ ધો.૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. તા.૭-૨-૧૩ના રોજ વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરી.તા.૪-૩-૧૩ના રોજ રમતોત્સવ યોજાઈ ગયો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**સલાડ ડેકોરેશન સ્પર્ધા :** તા.

| | | |
|---|---|---|
| પ્રથમ | કનીષી શાહ, પ્રાચી સોની | પારિજાત |
| દ્વિતીય | પૂર્વીન પંડયા, રોહન શાહ | કદમ્બ |
| | કર્ણવી જાડેજા, દ્રષ્ટિ ગોહિલ | પારિજાત |
| તૃતીય | શ્રુતિ ખરાટે, જલશ્રી આચાર્ય | પારિજાત |
| | યુવરાજ વ્યાસ, માનુષ દોશી | પલાશ |
| | ધન્વી શાહ, આયુષી ભગત | પલાશ |

**સુગમ સંગીત સ્પર્ધા : તા.૧૮-૧-૧૩**

| | | |
|---|---|---|
| પ્રથમ | દેશના શાહ | અમલતાસ |
| દ્વિતીય | નીકેશ કોઠારી | પારિજાત |
| | હીર બક્ષી | પલાશ |
| તૃતીય | ડીન્કી જાની | પારિજાત |
| | જૂહી ચોક્સી | પલાશ |

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ બેન દિપાલી શાહ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

## વિનયમંદિર

એનએસઓની પરીક્ષામાં ઋત્વીક નિમેષભાઈ પટેલને સર્ટીફીકેટ અને ગોલ્ડ મેડલ મળેલ છે, અભિનંદન.

**આંતરગૃહ સ્પર્ધાનું સમગ્ર વર્ષનું પરિણામ :-**

| | | |
|---|---|---|
| પ્રથમ | ચંદ્રમૌલિ | ૧૧૫ |
| દ્વિતીય | મેઘદૂત | ૧૧૨ |
| તૃતીય | પદ્મપુકુર | ૧૦૩ |
| ચતુર્થ | ગીતગોવિંદ | ૭૬ |

**તંત્રી , મુદ્રક પ્રકાશક :** દિનુભાઈ દવે ,આચાર્ય અને નિયામક શારદામંદિર,
અમદાવાદ -૩૮૦૦૦૭
email : shardamandir1924@gmail.com